# ફેક્ટ સીટ

**ઓશીયન પાર્ટનરશીપ ફોર સસ્ટૈનેબલ ફીશરીઝ એન્ડ બાયોડાયવસીટી કન્ઝર્વેશન – મોડેલ્સ ફોર ઈનોવેશન એન્ડ રીફોર્મ : બેય ઓફ બેંગાલ પ્રોજેક્ટ**

## ભારતના દરીયામાં જોવા મળતી ટ્યુના અને ટ્યુના જેવી બીજી માછલીઓ

### અલ્બાકોર *(Thunnus alalunga)*

અલ્બાકોર ટુના સમગ્ર દરિયામાં સ્થળાંતર કરે છે તે ફક્ત પોતાની પ્રજાતિ સાથે ટોળા માં તરે છે અને ટુનાની બે મહત્વની કેનિંગ પ્રજાતિમાની એક છે (સ્કીપજેક ટુના ની સાથે). તેને “સોલીડ વાઈટ” ટ્યુના તરીકે લેબલ કરવામાં આવે છે. ૧.૪ મીટર લંબાઈ અને ૬૦ કિગ્રા વજન સુધી તેની વૃદ્ધિ થાય છે.



અલ્બાકોર

### બીગઆઈ ટ્યુના *(Thunnus obesus)*

બિગઆઈ ટ્યુના બધા ઉષ્ણકટીબંધીય અને સમશીતોષ્ણ વાળા ખુલ્લા સમુદ્રમાં જોવા મળે છે. ભારતમાં તે યલોફીન અને સ્કીપજેક ટયુનાની જેમ સામાન્ય નથી. તેની વૃદ્ધિ ૨.૫ મી. લંબાઈ અને ૨૧૦ કિગ્રા વજન સુધી થાય છે. તેને સાશિમી અને ગ્રીલીંગ માટે પસંદ કરવામાં આવે છે.



બીગઆઈ ટ્યુના

### સ્કીપજેક ટ્યુના *(Katsuwonus pelamis)*

આ પ્રજાતિ ઉષ્ણકટીબંધીય અને ગરમ સમશીતોષ્ણમાં ફેલાયેલ છે. તેની વૃદ્ધિ ૨.૫ મીટર લંબાઈ અને ૩૦ કિગ્રા વજન સુધી થાય છે. ભારતમાં તે ગીલનેટ અને લોંગ લાઈન દ્વારા અંદામાન અને નીકોબાર ટાપુમાં પકડવામાં આવે છે અને લક્ષદ્વીપ ટાપુ પર પોલ & લાઈન દ્વારા પકડવામાં આવે છે. તેની સંભવિત પકડાશ ૯૯,૦૦૦ ટન જેટલી હોવાનું મનાય છે.



સ્કીપજેક ટ્યુના

### યલોફીન ટ્યુના *(Thunnus albacares)*

યલોફીન ટયુનાં મુખ્યત્વે ઉષ્ણકટિબદ્ધ અને ઉપ-ઉષ્ણકટીબંધીય દરિયાઈ વિસ્તારમાં ફેલાયેલ છે. ભારતીય સમુદ્રમાં આ પ્રજાતિની લંબાઈ ૩૦ સે.મી થી ૧૮૦ સે.મી સુધી છે. તેની વૃદ્ધિ ૨.૪ મીટર લંબાઈ અને ૨૦૦ કિગ્રા વજન સુધી થાય છે. બચ્ચાઓ પાણીની સપાટી પર અને મોટી માછલી સપાટી પર તથા સપાટીથી થોડા નીચેના ભાગમાં જોવા મળે છે. તેની ભારતીય EEZ માં સંભવિત ઉપજ અંદાજે ૮૦,૦૦૦ ટન છે. અતિ મુલ્યવાન સાશિમી અને લોયનસ યલોફીન ટયુનાંમાંથી બને છે.



યલોફીન ટ્યુના

### બ્લેક મારલીન *(Istiompax indica)*

આ પ્રજાતિ ભારતીય અને પેસિફિક દરિયાના ઉષ્ણકટીબંધ અને ઉપઉષ્ણકટિબંધીય વિસ્તારમાં ફેલાયેલ છે. તેની મહતમ પ્રકાશિત લંબાઈ ૪.૬૫ મીટર અને વજન ૭૫૦ કિગ્રા છે. તે એક મોટામાં મોટી બોની ફીશ છે. આ મારલીન સૌથી ઝડપી ફીશ છે. જે ૧૨૯ કી.મી/કલાક ની ઝડપે તરી શકે છે.



બ્લેક મારલીન

### બ્લુ મારલીન *(Makaira nigricans)*


બ્લુ મારલીનની વૃદ્ધિ ૫ મીટર લંબાઈ અને ૬૩૬ કિગ્રા વજન સુધી થાય છે. તે એકાંત, સ્થળાંતર અને ગરમ પાણી પસંદ કરે છે. તે પાણીની સપાટી પર તરે છે તથા ઊંડા પાણીમાં પણ જઈ શકે છે.



બ્લુ મારલીન

### સ્ટ્રીપડ મારલીન *(Kajikia audax)*

સ્ટ્રીપડ મારલીન, મારલીન ગ્રુપની નાની પ્રજાતિ છે. તે ઇન્ડોપેસિફિક દરિયાના ઉષ્ણકટિબદ્ધ અને સમશીતોષ્ણ પાણીમાં મળે છે. તેની વૃદ્ધિ ૪.૨ મી લંબાઈ અને ૪૪૦ કિગ્રા વજન સુધી થાય છે. ભારતમાં મારલીન લોંગ લાઇન દ્વારા પકડાય છે.




સ્ટ્રીપડ મારલીન

BOBP

## સ્વોર્ડ ફીશ *(Xiphias gladium)*

સ્વોર્ડ ફીશ વ્યાપક રીતે સમુદ્રના ઉષ્ણ કટીબંધ અને સમશીતોષ્ણ ભાગમાં મળી રહે છે. તે સપાટીની નજીક થી ૫૫૦ મી. ની ઊંડાઈ માં મળે છે. તે લંબાઈ માં ૪.૫ મી. અને વજનમાં ૬૫૦ કિગ્રા જેવડી થાય છે. તે મુખ્યત્વે લોંગલાઈન્સ દ્વારા પકડાય છે.



સ્વોર્ડ ફીશ

## ઇન્ડો-પેસીફીક સેઈલફીશ *(Istiophorus platypterus)*

સેઈલ ફીશ વ્યાપક રીતે ગરમ સમુદ્રમાં મળે છે. ઉભેલી ડોરસલ ફીન સેઈલ તરીકે ઓળખાય છે જે તેનું લક્ષણ છે. અને તેની લાંબી ચાંચ સ્વોર્ડ ફીશ અને અન્ય માર્લીનસ ને મળતી આવે છે તે ૩.૫ મી. લંબાઈ અને ૧૦૦ કિગ્રા વજન પ્રાપ્ત કરે છે. તે લોંગલાઇન્સ દ્વારા પકડાય છે.



ઇન્ડો-પેસીફીક સેઈલફીશ

## બુલેટ ટ્યુના *(Auxis rochei)*

બુલેટ ટ્યુના કિનારાની પાસે મળે છે અને તે વૈશ્વિક સ્તરે ઉષ્ણકટિબંધીય સમુદ્રમાં ૫૦ મી. ઊંડાઈ માં મળે છે. તેની મહત્તમ લંબાઈ ૫૦ સેમી છે. તે પારંપરિક મત્સ્યોદ્યોગ માટે મહત્વની છે, ખાસ કરીને ભારતીય સમુદ્રમાં ડ્રીફ્ટનેટ મત્સ્યોદ્યોગમાં. તેનું ઉતરણ ઘણી વખત ઓક્સીસ થઝાર્ડ સાથે મિશ્ર હોય છે.



બુલેટ ટ્યુના

## ફ્રિગેટ ટ્યુના *(Auxis thazard)*

ફ્રિગેટ ટ્યુના દરિયા કિનારા ની પાસે મળતી દરિયાઈ પ્રજાતિ છે. સામાન્ય રીતે તેની પકડાશ લંબાઈ ૨૫ થી ૪૦ સેમી હોય છે. પરંતુ તે જાળ ના પ્રકાર પર આધાર રાખે છે. અને તે મોસમ અને પ્રદેશ પ્રમાણે પણ અલગ હોય છે. ભારતમાં તે પારંપરિક ડ્રીફ્નેટ મત્સ્યોદ્યોગ માં મળે છે.



ફ્રિગેટ ટ્યુના

## કાવા કાવા *(Euthynnus affinis)*


તે સમુદ્રના ઉપલા સ્તરમાં કિનારાની પાસે મળતી પ્રજાતિ છે અને તે ૧૮° થી ૨૯° સે તાપમાન વાળા પાણી માં રહે છે. તે ભારતીય સમુદ્ર ની સૌથી સામાન્ય મળતી ટ્યુના છે અને તે ટ્યુના ઉતરાણ માં ૪૨% નું યોગદાન આપે છે. તે સામાન્ય રીતે ડ્રીફ્ટ ગીલનેટ માં પકડાય છે. તેની સંભવિત ઉપજ અંદાજે ૩૮,૬૪૬ ટન છે.



કાવા કાવા

## લોંગટેલ ટ્યુના *(Thunnus tonggol)*

લોંગ ટેલ ટ્યુના સમુદ્રના ઉપલા સ્તરમાં કિનારાની પાસે મળતી પ્રજાતિ છે જે ભારતના પૂર્વ અને પશ્ચિમ દરિયા માં મળે છે. આ માછલી ૧૪૫ સેમી ની લંબાઈ સુધીની હોય છે. જ્યારે માછલીની પકડાશમાં સામાન્ય લંબાઈ ૪૦ થી ૭૦ સેમી હોય છે. તે મુખ્યત્વે ડ્રીફ્ટ ગીલનેટ અને હુક્સ લાઈન માં પકડાય છે. તેની સંભવિત ઉપજ અંદાજે ૮,૧૨૮ ટન છે.



લોંગટેલ ટ્યુના

## ઓરિયન્ટલ બોનીટો *(Sarda orientalis)*

બોનીટો નાની અને પાતળા-શરીર વાળી કિનારાની પાસે મળતી ટ્યુના છે. તે ઇન્ડો-પેસીફીક પ્રદેશમાં વિસ્તરેલ છે. તે ૧૦૦ સેમી અને ૧૦ કિગ્રા સુધીની થાય છે, પરંતુ ભારતમાં માછલીની પકડાશ માં તેનું માપ ૩૦ થી ૫૦ સેમી નું છે. બોનીટો મુખ્યત્વે ડ્રીફ્ટ ગીલનેટ દ્વારા પકડાય છે.



ઓરિયન્ટલ બોનીટો

## ડોગટુથ ટ્યુના *(Gymnosarda unicolor)*

આ પાતળી અને લાંબી ટ્યુના છે જે ઇન્ડો-પેસીફીક પ્રદેશમાં વિસ્તરેલ છે. તેની લંબાઈ ૨૫૦ સેમી સુધી ની થાય છે, પરંતુ ભારતમાં માછલી ની પકડાશ માં તેની સામાન્ય લંબાઈ ૪૦ થી ૬૦ સેમી છે. તે ગીલનેટમાં ગૌણ માછલી તરીકે પકડાય છે.



ડોગટુથ

**Bay of Bengal Programme Inter-Governmental Organisation**
91, St. Mary's Road, Abhiramapuram, Chennai 600 018, India
Phone: +91-44-24936188, 24936294; Fax: +91-44-24936102; Email: admin@bobabnj.org; info@bobpigo.org